## ડીસા આદર્શ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓની પ્રમાણિકતા

આજના હળાહળ કળયુગમાં પણ માનવતા મરી પરવારી નથી અને ઈમાનદારીની કઈક મિસાલો આજે પણ જોવા મળી રહી છે ત્યારે આવી જ પ્રમાણિકતા ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં ભણતી બે વિદ્યાર્થીનીઓએ બતાવી હતી આ બને વિદ્યાર્થીનીઓ ગલાલપુરા ગામથી સ્કૂલ તરફ આવતી હતી તે દરમીયાન તેંમને ગલાલપુરા સ્ટેન્ડ પરથી એક પોકેટ મળેલ જેમાં આરસી બુકો પાનકાર્ડ અને ૧૨૦૦૦ ઉપરાંતની રોકડ રકમ હતી તેમજ જરૂરી એવા આધારકાર્ડ, ચુંટણીકાર્ડ જેવા અગત્યના ડોક્યુમેન્ટ પણ હતા જેમાં મથુરજી કાનાજી સોલંકી ગામ ધુણસોલ તાલુકો લાખણીવાળાનું સરનામું હોઈ આ બન્ને વિદ્યાર્થીની સ્કૂલમાં આવી હતી અને આ બાબત ની જાણ સ્કૂલના શિક્ષકને કરતા તેમને આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડ આધારે મૂળ માલીકનો સમ્પર્ક કર્યો હતો અને સ્કૂલમાં બોલાવી શિક્ષક એ.કે ચાવડા,ચેતનભાઈ જોશીની હાજરીમાં તેના મૂળ માલિક મથુરજી કાનાજી સોલંકીને બોલાવી આ પાકીટ સુપરત કરતા મથુરજીએ પણ દિલેરી દાખવી આ બંને દીકરીઓની પ્રમાણિકતા ઉપર ખુશ થઈ એક એક હજાર રૂપિયાનું ઈનામ આપેલ. સાથે સાથે આજે બંને વિદ્યાર્થીઓને પ્રાર્થના સભામાં લખવાનું પેડ આપી પ્રોત્સાહિત કરી હતી જેથી અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળે તેમજ પ્રામાણિકતા અને સંસ્કારોનું સિંચન થાય તેવો દાખલો પૂરો પાડયો હતો.

# પ્રાંતિજમાં છાશવારે વિજ પ્રવાહ બંધ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં છાશવારે વિજ પ્રવાહ બંધ રહેતા યંત્ર યુગમાં પણ વિજ ગ્રાહકોને નગરજનો હેરાન પરેશાન થઈ જાય છે. છાશવારે અવારનવાર મેન્ટેનન્સના નામે વીજ પ્રવાહ બધ કરવામાં આવે છે છતાં પરિણામ શુન્ય.

પ્રાંતિજના હાર્દ સમાન એપ્રોચરોડ ઉપર છેલ્લા કેટલાય સમયથી રેલ્વે સ્ટેશન વીજલાઇનથી અલગ કરવામાં આવતાં અડધો એપ્રોચરોડ કેજયાં દવાખાના સહિત બેંકો અને પોલીસ સ્ટેશન સહિત મોટાભાગના કોમર્શીયલ એકમો વીજ જરૂરિયાત સહિતના વિસ્તાર આવેલ છે જયાં છાશવારે અવાર-નવાર દિવસમાં ત્રણથી ચાર વાર વિજ પુરવઠો ખોરવાય છે અને દવાખાનાઓ તથા બેંકો સહિતના કોમર્શિયલ ઉપયોગ કરતા તથા અહી આવેલ સોસાયટી વિસ્તારોના રહીશો યંત્ર યુગમાં પણ તંત્રની બેદરકારીને લઈને અવર-નવર વીજ પ્રવાહ ખોરવાતા લોકોને ભારે મુશ્કેલીઓ ભોગવવાનો વારો આવે છે. દર મંગળવારે તથા આડા દિવસે મેન્ટેનન્સના નામે વીજ પ્રવાહ બંધ કરવામાં આવે છે અને માત્ર દેખાવ પુરતું મેન્ટેનન્સ થતું હોય તેવું હાલ તો જણાઇ આવે છે. ત્યારે ખરેખર મેન્ટેનન્સ થાય તો એપ્રોચરોડ સહિત નાની ભાગોળ વિસ્તારના રહિશોને છાશવારે વિજ પ્રવાહ ખોરવાય છે તે ખોરવાય નહી ત્યારે વીજ પુરવઠો બંધ થતાં વીજ કંપનીની ઓફિસનો ટેલીફોન નંબર તથા કેટલાક અધિકારીઓના મોબાઈલ પણ બંધ થઈ જાય છે. ત્યારે હાલ તો યંત્ર યુગમાં પણ તંત્રના પાપે છાશવારે વીજપ્રવાહ બંધ ચાલુ થતાં હોસ્પિટલોમાં તથા બેંકોમાં તથા પોલીસ સ્ટેશનમાં ઓનલાઈનમાં મોટી મુશ્કેલીઓ ઉભી થાય છે. ત્યારે વીજ કંપની દ્વારા સત્વરે પગલાં ભરવામાં આવે તેવી હાલતો માંગ ઉઠવા પામી છે.

## ઊંઝા વિસ્તારમાં વીજ કંપનીની લાલીયાવાડીથી ગ્રામજનો હાલાકીમાં

ઊંઝા, તા. ૩

ઊંઝા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ની ઊંઝા ગ્રામ્ય કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી લાલીયાવાડી ચાલી રહી હોવાથી લોકો પરેશાની ભોગવી રહ્યા છે.

લોક ફરિયાદો મુજબ ઉ.ગુ. વીજ કંપની લી.ની ઊંઝા ગ્રામ્ય કચેરીમાં કચેરીના ઓફિસ સમય દરમિયાન કેટલાક અધિકારીઓ, કર્મચારીઓ હાજર મળતા નથી. ઊંઝા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો કચેરીને લગતા કામકાજ માટે કચેરીમાં આવે છે ત્યારે તેઓને યોગ્ય જવાબ મળતો નથી અને ઉદ્ધત જવાબ અપાય છે. વધુમાં નાગરિકોની અરજીઓ, ફરિયાદો સ્વીકારવામાં પણ કંપનીના બાબુઓ આનાકાની કરી કચેરીના નાયબ ઈજનેરને રૂબરૂમાં અરજીઓ ફરિયાદો આપવાનુ જણાવી પોતાની જવાબદારીમાંથી છટકી જાય છે. કચેરીને લગતા કામકાજમાં નાગરિકોને ખોટા ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કૂટનીતિ અપનાવાય છે. આ કચેરીમાં મોટાભાગે સામાન્યગરીબ વર્ગ, ખેડૂતવર્ગ અને જરૂરીયાતમંદો કામકાજ અર્થે આવતા હોય છે. તેઓના કામ ઝડપથી થતા નથી. જ્યારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થતા હોવાનો આક્ષેપ પ્રજામાં થઈ રહ્યો છે. બીજુ કોન્ટ્રાક્ટરના કામોમાં પણ કટકી થતી હોવાનું ચર્ચાય છે. ઉપરોક્ત બાબતે ઉચ્ચકક્ષાએથી નિષ્ઠાવાન અધિકારી દ્વારા ઝીણવટભરી તપાસ થાય તો ચોંકાવનારી હકિકત બહાર આવે તેમ છે તેવુ લોકોમાં બોલાય છે.

## ધાનેરાનું એસ.ટી સ્ટેન્ડ બન્યું શોપિંગવાળાનું પાર્કિંગ સ્ટેન્ડ

ધાનેરા તાલુકો વેપારી માટે વિશેષ સ્થાન ધરાવે છે અને લોકોની અવરજવર પણ એસટી બસોમાં વધુ થતી હોય છે તે સંદર્ભે વિશાળ બસ સ્ટેન્ડ ની જગ્યા પર બસ સ્ટેન્ડ બનાવ્યું છે પરંતુ સામે તથા આજુબાજુ બનેલ મોટા શોપિંગ સેન્ટર માં પાર્કિંગની વ્યવસ્થા ન હોવાથી બસ સ્ટેન્ડ ની જગ્યા અંદર લોકો પાર્કિંગ કરી રહ્યા છે જે જગ્યા પર મુસાફરો ને બેસવાની જગ્યા છે તે જગ્યા ઉપર ગાડીઓ ઊભી રહી છે તેથી મુસાફરોને બેસવાની તકલીફ પડે છે બસ સ્ટેન્ડ ની જગ્યાનો આવો દુરુપયોગ થઈ રહ્યો છે તેમજ લોકલ વાહનો પણ બસ સ્ટેન્ડ પરથી મુસાફરો લઈ રહ્યા છે આ બાબતે પોલીસ ખાતું પણ નિષ્ક્રિય જોવા મળી રહ્યું છે એસટી નિગમ દ્વારા બસ સ્ટેન્ડ અંદરના નિયમોનો પાલન થાય તે માટે એસટી નિગમ એ લાલ આંખ કરવી જરૂરી છે આ રીતે આડેધડ પાર્કિંગ થતા એસટી ચાલકો પણ મુશ્કેલીમાં મુકાય છે તો આ પાર્કિંગ તાકીદે બંધ કરવા એસ.ટી.નિગમના સરકારી અધિકારીઓ રૂબરૂ આવી તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે તેમજ ધાનેરા મા એસ.ટી.ના પીકઅપ સ્ટેન્ડ માટે બોર્ડ પણ મારે તેમજ અગ્રવાલ હોસ્પિટલ રેલવે સ્ટેશન તાલુકા પંચાયત રામચંદ્ર સ્વરાજ હોસ્પિટલ જેવી જગ્યાઓ પર ટ્રસ્ટના બોર્ડ મારી મુસાફરો ને સગવડતા મળે તે માટે બસ સ્ટોપ થાય તેવી મુસાફરોની માગણી છે તાકીદે એસટી સ્ટેન્ડમાં મુસાફરોની અગવડતા ઓ દૂર થાય તેવી લોકોની માંગ છે.

### "રામ રાખે તેને કોણ ચાખે" જેવી ઘટના મોડાસામાં

## સહયોગ ચોકડી નજીક મધુવન ફ્લેટમાં બાળક ત્રીજા માળેથી પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૩

રાજ્યમાં અનેક ઘટનાઓ એવી બનતી હોય છે કે તેના પર વિશ્વાસ કરવો અઘરો હોય છે. આવી જ એક ઘટના મોડાસા શહેરમાં બની હતી. શહેરની સહયોગ ચોકડી નજીક બાયપાસ રોડ પર આવેલ મધુવન ફ્લેટમાં ત્રીજા માળેથી મોટા ભાઈ સાથે રમતો દોઢ વર્ષીય નાનો ભાઈ પટકાતા હાહાકાર મચ્યો હતો. ફ્લેટમાં રહેલા પરિવારજનોમાં દોડધામ મચી હતી. ત્રીજા માળેથી ધડામ દઈ બાળક નીચે પટકાતા આજુબાજુથી લોકો પણ દોડી આવ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત બાળકને તાબડતોડ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે દવાખાને ખસેડાતા તબીબોએ સઘન સારવાર હાથ ધરી હતી.

સોમવારે સાંજના સુમારે મોડાસા શહરેના માલપુર રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીક મધુવન ફ્લેટમાં રહેતા અને કડિયાકામ સાથે સંકળાયેલ મનોજભાઈ સરગડાના દોઢ વર્ષીય પુત્ર યશ તેના પરિવારના બાળકો સાથે રમતા રમતા ફ્લેટની ત્રીજા માળની ગેલેરીમાંથી આકસ્મિક રીતે પટકાતા માથાના ભાગે ઈજાઓ પહોંચતા બેભાન બની જતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. આકસ્મિક બનેલી ઘટનાથી શ્રમજીવી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું

## ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ૧૫૧ સુકા મેવાની કીટનું વિતરણ

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત ભારત વિકાસ પરીષદ શાખા અને સેવાભાવી દાતાઓના સહયોગથી સુકા મેવાની કીટનું વિતરણ કરાતા સગર્ભા મહિલાઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા કોટેજ હોસ્પિટલ અને મુનાઈ પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં મહિલાઓને પ્રસુતિ દરમ્યાન દિકરીનો જન્મ થાય ત્યારે સુકા મેવાની કીટનુંનિઃશુલ્ક વિતરણ વર્ષોથી

અવિરતપણે ચાલી રહ્યું છે. વર્ષ-૨૦૧૯ દરમ્યાન આજ દિન સુધીમાં ૧૫૧ સુકા મેવાની કીટ મહિલાઓને પ્રસુતિ બાદ અપાઈ હતી. બેટી બચાવો,બેટી પઢાવો અભિયાન અંતર્ગત પ્રસુતિ દરમ્યાન કોઈ પણ મહિલાની કુખે દિકરીનો જન્મ થાય ત્યારે મહિલાઓને ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા ધ્વારા સગર્ભા મહિલાઓ અને દિકરીઓને પોષણ મળી રહે તેવા મુખ્ય હેતુસર સુકા મેવાની કીટ આપતા હોઈ ત્યારે આનંદની લાગણી પ્રસરી છે. ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખાના હોદ્દેદારો, કારોબારી સભ્યોએ દાતાઓ તરફથી મળેલ સુકા મેવાની કીટનું દાન આપવા બદલ સર્વે દાતાઓને બિરદાવ્યા હતા. સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના સુત્ર સાથે સંકળાયેલ ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખાના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સેવાભાવી દાતાઓની સેવાકીય પ્રવૃત્તીઓ બિરદાવવા લાયક છે. ભિલોડા કોટેઝ હોસ્પિટલ, પ્રસુતિ વોર્ડમાં તા.૨૦/૧૨/૨૦૧૯ ને સોમવારના રોજ ૪ સગર્ભા મહિલાઓએ ૪ દિકરીઓને જન્મ આપતા એક સાથે ૪ સુકા મેવાની કીટનું વિતરણ કરાયું હતું. ૨૧મી સદીના હાઈટેક યુગમાં હજુ પણ સંકુચિત માનસ ધરાવતા લોકો આજે પણ દિકરીઓને સાપનો ભારો ગણતા હોય છે પરંતુ દિકરો, દિકરી એક સમાન, દિકરી એતો લક્ષ્મીજીનુંસ્વરૂપ છે. બેટી બચાવો અભિયાન અંતર્ગત સુકામેવાની કીટ મહિલાઓને આપી દિકરી વધાવોનું એક અનોખુ અભિયાન અવિરતપણે ચાલી રહ્યુંછે.

## ન્યુ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન ઉજવાયો

અરવલ્લી જિલ્લામાં મોડાસાની ન્યુ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર પ્રમુખપદે સમારોહ યોજીને દિવ્યાંગ દિન ઉજવવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા કલેકટર ઔરંગાબાદકર, કેમ્પના આયોજક, ન્યુ લિપ સ્કૂલના ટ્રસ્ટી હરેશભાઇ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી જે.પી. પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૫૦૦થી વધુ જરૂરતમંદ દિવ્યાંગોને સાધન વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે ન્યુ લિપ ઈન્ટરનેશનલ સ્કૂલમાં આજે યોજેલ આ કાર્યક્રમના આયોજક હરેશભાઇ પટેલ સહિત સંસ્થાને આવી માનવીય સેવાઓ હાથ ધરવા બદલ અભિનંદન પાઠવીને આ કાર્યને વધુ વ્યાપ આપવા અનુરોધ કરતા સમાજ ચેતના માટે કામ કરતી સેવાભાવી સંસ્થાઓને બિરદાવવી જોઈએ એમ જણાવ્યું હતું. જિલ્લા કલેકટરે દિવ્યાંગોને પોતાનામાં કોઈ ઉણપ કે અન્ય અપંગતા હોવાનો મનમાં

લેશમાત્ર વિચાર ઉદ્દભવવા દેવો જોઈએ તેમ જણાવીને કહ્યું કે હાથ વિનાની એક મહિલા પાયલોટ બની શકે છે, એક દિવ્યાંગ કલેકટર પણ બની શકે છે. માટે કોઈ દિવ્યાંગ જરાપણ લઘુતાપણું અનુભવે નહિ તેમ જણાવ્યું હતું. અત્યાર સુધી આવા કાર્યક્રમ માત્ર સરકાર દ્વારા થતા હતા એમાં સમાજ સેવી સંસ્થાઓ હવે આગળ આવી રહી છે તે ખૂબ આવકાર્ય છે. આ સમાજ ચેતનાનું કામ છે. પ્રારંભે સંસ્થાના કેમ્પસ ડાયરેકટર યશવંત વ્યાસે આ મહેમાનોને આવકારતા આ સંસ્થાની માનવીય અભિગમની સામાજિક સેવા વિશે વિગતો આપી હતી.

બાલ સુરક્ષા અધિકારી દિલીપસિંધ બીહોલા, અરવલ્લી જિલ્લા સર્વોદય અંધજન મંડળના પ્રમુખ મનુભાઈ જી. પટેલ અને ધર્મેન્દભાઈ પટેલ, ફિઝિકલ હેન્ડીકેપ યુનિયનના માનદ મંત્રી વિનોદ ચંદકાન્ત પટેલ, એસ.પી. ઈન્સ્ટિટ્યૂટના ડાયરેકટર શુભમ પટેલ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ સહિત તાલુકામાં રાજય સરકારની કૃષિ સહાય ફોર્મ ભરવાની વેબસાઈટ ન ખુલતા ધરતી પુત્રો લાલઘુમ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં રાજય સરકારની વેબસાઈટ ના ખુલ્તા ખેડૂતોમાં રોષ

જોવા મળી રહ્યો છે. ખેડૂતો એક પંચાયતમાંથી બીજી પંચાયતમાં ધક્કા ખાતા જોવા મળ્યા હતા.

પ્રાંતિજ સહિત તાલુકામાં સરકાર દ્વારા કુષિ સહાય ફોર્મ માટે તથા ૭/૧૨, ૮-અ ના ઉતારા કાઢવા માટે ખેડૂતો પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટરો વીસીઓ પાસે ખેડૂતોની મોટી ભીડ જોવા મળી રહી છે પણ સરકારની એનીઆરઆર વેબસાઈટ ના ખુલતા હાલ પાક વીમા માટે સહાય માટેના ફોર્મ નીકળી શકતા નથી. જેથી ખેડૂતો પંચાયતોમાં ધરમ ના ધક્કા ખાઈ રહ્યાં છે. ત્યારે હાલ તો પંચાયતોમાં સર્વર ધીમે ચાલતા ૭/૧૨, ૮-અ ના ઉતારાઓ પણ ના નિકળતા ધરતી પુત્રોમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે સરકાર દ્વારા કોઈ અન્ય વિકલ્પ દ્વારા કુષિ સહાય ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માગ પણ ધરતી પુત્રો દ્વારા ઉઠવા પામી છે.

## શિક્ષણ અને સ્કીલના માધ્યમથી તમારી શક્તિઓ વિકસાવી આગળ વધીએ : સંદીપ સાગલે

ડીસા

પાલનપુર ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનમાં કલેકટર સંદીપ સાગલેના અધ્યસ્થાને સમાજ સુરક્ષા ખાતા, બનાસ દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા

વિકલાંગ વિકાસ ટ્રસ્ટના સહયોગથી વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કલેકટર સંદીપકુમાર સાગલેએ દિવ્યાંગોને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, શિક્ષણ અને સ્કીલના માધ્યમથી તમારી શકિતઓ વિકસાવી આગળ વધીએ. તેમણે સમાજ સુરક્ષા ખાતા અને એન.જી.ઓ.ને અભિનંદન પાઠવતાં કહ્યું કે, સરકારએ દિવ્યાંગોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ બનાવી છે. દિવ્યાંગો માટે સરકારી નોકરીમાં અનામતની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, દિવ્યાંગોને કુદરતે ભલે શારીરિક મર્યાદાઓ આપી હોય પણ સામે બીજી ઘણીબધી શક્તિઓ આપી હોય છે. દિવ્યાંગ વ્યકિતઓ નોર્મલ વ્યકિતઓને પ્રેરણા આપે તેવું કામ ઘણા દિવ્યાંગોએ કર્યુ છે. તેમણે બે હાથ વગરની યુવતી જેસિકાની વાત કરતા કહ્યું કે, જેસિકા નામની યુવતી બે હાથ વિના તમામ કામ પગથી કરે છે અને હાથ ન હોવા છતાં પાઈલોટ બની બંને પગથી વિમાન ઉડાડે છે જે આપણા માટે પ્રેરણારૂપ છે. કલેકટરશ્રીએ કહ્યું કે, દિવ્યાંગતા આપણા માટે પડકાર છે તેનો સામનો કરી એવું કામ કામ કરો કે આ જિલ્લો અને રાજય ગૌરવ લે.

જિલ્લા પંચાયત સભ્ય અશ્વિનભાઈ સક્સેનાએ જણાવ્યું કે, સરકારએ દિવ્યાંગો માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ બનાવી છે. જેનો લાભ લઈ દિવ્યાંગો પણ અન્ય લોકોની હરોળમાં વિકાસ કરી આગળ વધી શકે છે. આ પ્રસંગે જાણીતા દિવ્યાંગ બિઝનેશમેન અલીહુસેન અહેમદભાઈ અઘારીયા, ડીસાના જાણીતા દિવ્યાંગ પત્રકાર વસંતભાઈ ગોસ્વામી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મનીષભાઈ જોષી, એલ.આઈ.સી.ના દિવ્યાંગ કલાસ વન ઓફિસર હંસરાજભાઈ પરાડીયા અને એસ.ટી.ના વિભાગીય નિયામક જે.બી.સોલંકીએ પ્રાસંગીક પ્રવચન કરી દિવ્યાંગોને માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં કલેકટરે દિપ પ્રાગટ્ય કરી ડૉ. બાબા સાહેબ આંબેડકરના ફોટાને ફુલહાર કર્યા હતાં. આ પ્રસંગે શિક્ષણ, પત્રકારત્વ, રમત-ગમત, સંગીત સહિતના વિવિધ ક્ષેત્રોમાં પ્રશંસનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું સન્માન કરાયું હતું જ્યારે દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ બે યુગલોને રૂ.૧-૧ લાખની સહાયના ચેક એનાયત કરવામાં આવ્યા હતાં.આ પ્રસંગે કલેકટરશ્રીના હસ્તે દિવ્યાંગ લાભાર્થીઓને ટ્રાયસીકલ, સિવવાના સંચા, યુઆઈડી કાર્ડ અને દિવ્યાંગ ઓળખપત્ર પણ એનાયત કરાયા હતાં.

### વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી દિવ્યાંગજનોએ બ્લડ ડોનેશન કરી સમાજ સહભાગીતાની અનોખી પહેલ કરી

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લામાં આજે વિશ્વ દિવ્યાંગ દિનની ઉજવણી કરવામાં આવી. ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મહેસાણાની વિવિધ સંસ્થાઓના બાળકોએ સમાજમાં દિવ્યાંગજનો પ્રત્યે જાગૃતિ થાય અને તેમનામાં રહેલી સુશુપ્ત શક્તિઓ રહેલી છે તે વિશે રેલી યોજી સામાજિક સમાવેશની દિશામાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. કલેક્ટર કચેરીથી પી.જી. સોની, સેક્રેટરી, જિલ્લા કાનુની સત્તા સેવા મંડળ, રેલીનું પ્રસ્થાન કરાવી રેલી દિશા સ્કૂલમાં રેલીનું સમાપન કરી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સેક્રેટરીશ્રી, જિલ્લા કાનૂની સત્તા સેવા મંડળના સેક્રેટરી પી.જી. સોનીએ દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે તેઓ હંમેશા દિવ્યાંગ બાળકો માટે કાર્યશીલ રહેશે. દિવ્યાંગ બાળકો પણ સમાજનો એક ભાગ છે.

## મહેસાણા નગરપાલિકામાં આઠ મહિના બાદ આજે સાધારણ સભા મળી, કમિટીની થઈ રચના

આજે મહેસાણા નગરપાલિકામાં ૮ મહિના બાદ આજે સાધારણ સભા મળી હતી જેમાં તમામ જુના કામો પર આજે ભારે ચર્ચા કરવામાં આવી જેમાં મલાઈદાર કમિટીનો મામલો હાઈકોર્ટમાં હોવાથી બને પક્ષે હાલમાં ખેંચતાણ સાથે આક્ષેપ પણ કરાયાં હતા તો કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા ૬ સભ્યોએ કોંગ્રેસની કમિટીમાં ટેકો આપ્યો જે જોતા મહેસાણા પાલિકાનું રાજકારણ ગરમ થવા ગયું છે.

મહેસાણા પાલિકાની સામાન્ય સભા આજે ૮ માસ બાદ મળી હતી કોંગ્રેસના આંતરિક જૂથવાદ અને મલાઈદાર કમિટી પામવા માટે જાગેલી હોડ ના પગલે ઘણા વિવાદો બાદ આજે પાલિકાનું સાધારણ બોર્ડ માંડ્યું જેમાં ટેન્ડર પક્રિયા સહિતના મુદ્દે મામલો ખાસ ગરમ બનવા ગયો. જેમાં પાલિકાના સફાઈના ટેન્ડર સહીત વોર્ડ દીઠ સફાઈ અંગે ટેન્ડર સહીત ડમ્પિંગ સાઈટના ટેન્ડર સહીત ભારે ચર્ચા કરવામાં આવી હતી જ્યારે ખાસ કરીને પાલિકાની સભામાં હૈદરાબાદ રાજકોટ વડોદરામાં થયેલ દુષ્કર્મ મામલે ૨ મિનિટનું મૌન બોર્ડે પાળ્યું હતું અને સામુહિક દુષ્કર્મના આરોપીઓને ફાંસીની સજા થાય તેવો સર્વાનુમતે ઠરાવ મહેસાણા પાલિકાએ કરાયો હતો. જેમાં આજે તમામ કમિટીની રચના કોંગ્રેસે સત્તા સહીત વહીપના પગલે આજે કમિટીનું ગઠન કરવામાં સફતા મેળવી હતી. જેમાં જુના બોર્ડના એજન્ડા અને સફાઈના ટેન્ડર સહિત સીટી બસના ટેન્ડર મામલે બોર્ડ આમને

સામને ગરમ થવા ગયું હતું જ્યારે ભાજપના મામલે ગંભીર આક્ષેપ ભાજપે કોંગ્રેસ પર કર્યા હતા કૌશિક વ્યાસ ભાજપ કોર્પોરેટરે જણાવ્યું હતું મહેસાણા નગરપાલિકા માં આજે ૮ માસ બાદ ઘણા વિવાદો બાદ પાલિકામાં આજે સાધારણ બોર્ડ મળ્યું હતું જેમાં બે ગત સભાના એજન્ડાને મંજુરી આપવા સહિત પર આજે ચર્ચા કરવામાં આવી હતી સાથે ૮ મહિનાથી વિખેરાયેલી કમિટીની રચના કરવા મામલે એજન્ડા વંચાણે લેતા આમને સામે આક્ષેપ કરવામાં આવ્યા હતા. જે પહેલા કોંગ્રેસ પ્રમુખે વહીપ આપીને તમામ ૨૯ કોંગ્રેસના કોર્પોરેટરને કોંગ્રેસની કમિટીમાં ટેકો આપવા જણાવ્યું હતું અને જો આ મામલે કોઈ નક્કર પગલાં નહીં ભરવામાં આવે તો પક્ષાંતર ધારા અંતર્ગત પગલાં ભરવામાં આવશે જેથી કોંગ્રેસના આંતરિક જૂથવાદને પગલે કોંગ્રેસના ૬ સભ્યોએ કારોબારી સહીતની વિવિધ કમિટી મામલે ભાજપનો સાથ છોડીને કોંગ્રેસમાં મતદાન કર્યું હતું જ્યારે માત્ર કમિટી મામલો હાઈકોર્ટમાં હોઈ કોંગ્રેસના સભ્યો જે ભાજપમાં ગયા હતા તે સભ્યોએ વિરોધ નોંધાવ્યો છે સાથે અન્ય કમિટીમાં તેમને ટેકો આપીને પોતાનો બચાવ કર્યો હતો. જોકે કોંગ્રેસે તમામ ૬ સભ્યોને કોઈ કમિટીમાં રાખ્યા નથી અને પાલિકા પ્રમુખે આ મામલાને ઘર વાપસી ગણાવી હતી ઘનશામ સોલંકી પાલિકા કોંગ્રેસ પમુખે જણાવ્યું હતું આજે પાલિકા કોંગ્રેસની છે જે પરંતુ આંતરિક જૂથવાદના પગલે આજે એનકેન પ્રકારે કમિટી સહીતમાં આંતરિક જૂથવાદના પગલે પાલિકાનું કામકાજ થાપ થવા ગયું છે તેમ છતાં પાલિકાની કમિટી હાલમાં કોર્ટમાં મનહી હુકમ હોવા છતાં પણ કોંગ્રેસે કમિટીના ચેરમેન સહીતના મુદ્દે ઠરાવ કરી નાખ્યો છે જે જોતા ફરીવાર મહેસાણા નગરપાલિકા વિવાદમાં આવશે તેમ કહીયે તો નવાઈ નહીં.